NIPUN GUJARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા,
સેક્ટર–૧૯, ગાંધીનગર
વેબસાઈટ : www.ssagujarat.org
ઈ–મેઈલ : qem-gcsess@gujarat.gov.in

પત્રક્રમાંક : એસએસ/QEM/૨૦૨૫/(PM SHRI સં.ગ્રા.વ.અને ઉ.)/20236-303 તારીખ /૦૬/૨૦૨૫

પ્રતિ,

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિલ્લા : તમામ.

(૨) જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા, જિલ્લા : તમામ

(૩) એડી. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓ.અને શાસનાધિકારીશ્રી, સમગ્ર શિક્ષા,અમદાવાદ,રાજકોટ,વડોદરા,સુરત કોર્પોરેશન

વિષય : વર્ષ : ૨૦૨૫–૨૬માં PM SHRI બજેટ અંતર્ગત મંજૂર થયેલ વાર્ષિક સ્કૂલ ગ્રાન્ટ(Annual School grant) ફાળવણી અન્વયે ગ્રાન્ટ વપરાશ અને ઉપયોગ અંગે.

સંદર્ભ :(૧) પીએમશ્રી–બજેટ મંજૂર PAB મિનિટ્સ
(૨) અત્રેની કચેરીનો ક્રમાંક: સમગ્રશિક્ષા/હિસાબી/ગ્રા.ફા/૨૫–૨૬/૨૩૫૮૩–૬૬૬ તા.૨૩/૦૫/૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, PM SHRI યોજના અંતર્ગત વર્ષ : ૨૦૨૫–૨૬ના મંજૂર બજેટમાં કુલ–૪૪૮ શાળાઓ જેમાં, પ્રાથમિક શાળા માટે વાર્ષિક સ્કૂલ ગ્રાન્ટ(મહત્તમ ધો.૮ સુધી )તથા માધ્યમિક શાળા/ઉચ્ચ માધ્યમિક શાળા માટે વાર્ષિક સ્કૂલ ગ્રાન્ટ(મહત્તમ ધો.૧૦ અથવા ધો.૧૨ સુધી)મંજૂર થયેલ છે.

વર્ષ : ૨૦૨૫–૨૬ના બજેટમાં મંજૂર થયેલ સરકારી પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓને ZBA(Zero Balance Account)માં ફાળવવાની થતી ગ્રાન્ટ સમયસર શાળાઓને ફાળવવાની થાય છે. જેમાં વાર્ષિક સ્કૂલ ગ્રાન્ટ વન ટાઈમ ગ્રાન્ટ હોઈ આ ગ્રાન્ટનો ઉપયોગ શાળા કક્ષાએ શૈક્ષણિક વર્ષની શરૂઆતથી થાય તે હેતુસર સંદર્ભ–(૨)ના કાર્યાલય આદેશથી ફાળવવામાં આવેલ પ્રથમ હપ્તાની ગ્રાન્ટ/લિમીટમાં મંજૂર થયેલ વાર્ષિક સ્કૂલ ગ્રાન્ટ ૧૦૦ ટકા મુજબ ફાળવણી કરવામાં આવેલ છે જેની વિગતો નીચે મુજબ છે.

| Major Component | Sub Component | Activity Master Name | Activity Master Details | No.of School | Amount per school (In Lakhs) | total Amount (In Lakhs) |
|---|---|---|---|---|---|---|
| Access Infrastructure-Adequacy, Functionality, Aesthetics and Safety | Annual School grant | Annual School grant | No. of Schools having Students (<= 100) | 03 | 0.50000 | 1.500 |
| | | | No. of Schools having Students (> 100 and <= 250) | 34 | 0.75000 | 25.500 |
| | | | No. of Schools having Students (> 250 and <= 1000) | 404 | 1.00000 | 404.000 |
| | | | No. of Schools having Students (more than 1000) | 07 | 1.50000 | 10.500 |
| | | | Total | 448 | | 441.500 |

વર્ષ : ૨૦૨૫–૨૬ના PM SHRI બજેટ અન્વયે PAB મિનિટ્સમાં ઉપર મુજબ કુલ ૪૪૮ શાળાઓ (સરકારી પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળા)માટે વાર્ષિક સ્કૂલ ગ્રાન્ટ મંજૂર થયેલ છે. જે સંદર્ભ–(૨)થી ફાળવવામાં આવેલ ગ્રાન્ટ/લિમિટ અન્વયે જિલ્લા કક્ષાએથી જે તે શાળાના PM SHRI બજેટ અંગેના બેંક એકાઉન્ટમાં ZBA(Zero Balance Account) માં ફાળવવાની કાર્યવાહી સત્વરે કરવા તથા અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૫–૨૬ના મંજૂર બજેટ અન્વયે જે તે હેડ સદરે ઉધારવાની કાર્યવાહી સમયમર્યાદામાં થાય તે બાબત સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે. જે માટે સંદર્ભ પત્ર–(૨)ની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

કંમ્પોઝીટ સ્કૂલ ગ્રાન્ટ વપરાશ અને ઉપયોગ અંગેની માર્ગદર્શિકા જે અગાઉ મોકલવામાં આવેલ PM SHRI માર્ગદર્શિકા–૧ના પેજ નં–૬૮થી મોકલવામાં આવેલ હતી તેમાં આ વર્ષના PM SHRI બજેટમાં મંજૂર થયેલ શાળાઓની વિગતો તેમજ અન્ય વિગતો આમેજ કરી તૈયાર કરેલ વાર્ષિક સ્કૂલ ગ્રાન્ટ માર્ગદર્શિકા આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. આ માર્ગદર્શિકા તમામ શાળાઓને મોકલીને તદ્ અનુસાર ગ્રાન્ટ ઉપયોગ અને વપરાશ થાય તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે. વધુમાં ઉક્ત શાળાઓની ડાયસ કોડ સાથેની એક્સલ યાદી આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

(શિલ્પા પટેલ)
સચિવ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નંબર 3283
તારીખ 9/6/25
કચેરીની સહી..........

નકલ રવાના જાણ સારૂ : હિસાબી શાખા, સદર કચેરી

## 448 PM SHRI School Annual School Grant Districtwise Summary-AWP&B-2025-26

| Sr. No. | District | No. of School | Annual School Grant upto 100 enrol | Annual School Grant 101-250 enrol | Annual School Grant 251-1000 enrol | Annual School Grant > 1000 enrol |
|---|---|---|---|---|---|---|
| 1 | AHMEDABAD | 14 | 0 | 2 | 12 | 0 |
| 2 | AMRELI | 19 | 0 | 0 | 19 | 0 |
| 3 | ANAND | 18 | 0 | 1 | 17 | 0 |
| 4 | ARAVALLI | 9 | 0 | 0 | 9 | 0 |
| 5 | BANAS KANTHA | 26 | 0 | 0 | 25 | 1 |
| 6 | BHARUCH | 13 | 0 | 0 | 13 | 0 |
| 7 | BHAVNAGAR | 20 | 0 | 0 | 19 | 1 |
| 8 | BOTAD | 7 | 0 | 0 | 6 | 1 |
| 9 | CHHOTAUDEPUR | 11 | 0 | 2 | 9 | 0 |
| 10 | DEVBHOOMI DWARKA | 11 | 0 | 1 | 9 | 1 |
| 11 | DOHAD | 19 | 0 | 1 | 18 | 0 |
| 12 | GANDHINAGAR | 10 | 0 | 1 | 9 | 0 |
| 13 | GIR SOMNATH | 11 | 0 | 0 | 11 | 0 |
| 14 | JAMNAGAR | 11 | 0 | 4 | 7 | 0 |
| 15 | JUNAGADH | 14 | 0 | 2 | 12 | 0 |
| 16 | KACHCHH | 16 | 0 | 0 | 16 | 0 |
| 17 | KHEDA | 20 | 0 | 3 | 17 | 0 |
| 18 | MAHESANA | 18 | 0 | 1 | 17 | 0 |
| 19 | MAHISAGAR | 12 | 0 | 0 | 12 | 0 |
| 20 | MORBI | 8 | 0 | 0 | 7 | 1 |
| 21 | NARMADA | 8 | 0 | 1 | 7 | 0 |
| 22 | NAVSARI | 9 | 1 | 2 | 6 | 0 |
| 23 | PANCH MAHALS | 17 | 0 | 0 | 17 | 0 |
| 24 | PATAN | 13 | 0 | 0 | 13 | 0 |
| 25 | PORBANDAR | 7 | 0 | 0 | 7 | 0 |
| 26 | RAJKOT | 14 | 0 | 4 | 10 | 0 |
| 27 | SABAR KANTHA | 16 | 0 | 3 | 13 | 0 |
| 28 | SURAT | 15 | 0 | 3 | 12 | 0 |
| 29 | SURENDRANAGAR | 14 | 0 | 0 | 14 | 0 |
| 30 | TAPI | 12 | 1 | 1 | 10 | 0 |
| 31 | THE DANGS | 5 | 0 | 0 | 5 | 0 |
| 32 | VADODARA | 12 | 1 | 0 | 11 | 0 |
| 33 | VALSAD | 13 | 0 | 2 | 11 | 0 |
| 34 | xAMC | 1 | 0 | 0 | 0 | 1 |
| 35 | xRMC | 1 | 0 | 0 | 1 | 0 |
| 36 | xSMC | 3 | 0 | 0 | 2 | 1 |
| 37 | xVMC | 1 | 0 | 0 | 1 | 0 |
| | Total | 448 | 3 | 34 | 404 | 7 |

## PM SHRI SCHEME (PM Schools for Rising India)

## વાર્ષિક સ્કૂલ ગ્રાન્ટ માર્ગદર્શિકા

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ (National Education Policy – 2020) મુજબ આપણું મુખ્ય ધ્યેય છે કે દરેક વિદ્યાર્થીને એક સુરક્ષિત અને પ્રેરક શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડવું, જેના માટે શાળાઓમાં જરૂરી ભૌતિક સુવિધાઓ અને સુખદ કાર્યસ્થિતિનું નિર્માણ કરવું આવશ્યક છે.

Annual Composite School Grant વાર્ષિક સ્કુલ ગ્રાન્ટ જોગવાઈ દ્વારા તમામ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જરૂરી તમામ મૂળભૂત સુવિધાઓ સાથે અનુકૂળ શિક્ષણ, પ્રેરક વાતાવરણ સુનિશ્ચિત થાય, જેથી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધરે અને એક સુરક્ષિત, સમાવેશી અને પ્રભાવી શિક્ષણનું વાતાવરણ બનાવવું.

સમગ્ર શિક્ષા અંતર્ગત વર્ષ: ૨૦૨૩-૨૪ થી PM SHRI Scheme અંતર્ગત બજેટમાં એન્યુઅલ સ્કુલ ગ્રાન્ટ (વાર્ષિક સ્કુલ ગ્રાન્ટ)માટે રાજયની સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને (એટલે કે ધોરણ ૧ થી ૧૨) બાળકોના નામાંકન મુજબ ગ્રાન્ટ મંજૂર કરાવીને તદ્દ અનુસાર ફાળવવામાં આવે છે.

PM SHRI Scheme અંતર્ગત First Phase મુજબ કુલ ૨૭૪ શાળાઓ માટે બજેટ મંજૂર થયેલ. જેમાં પ્રાયમરી શાળાઓ ૦૩, એલીમેન્ટ્રી શાળાઓ ૨૩૩ અને સેકન્ડરી શાળાઓ ૦૫, સીનીયર સેકન્ડરી શાળાઓ -૩૩ આમ કુલ ૨૭૪ શાળાઓનો સમાવેશ કરેલ હતો.

Second Phase મુજબ કુલ ૧૭૪ શાળાઓ માટે બજેટ મંજૂર થયેલ જેમાં પ્રાયમરી શાળાઓ ૦૧, એલીમેન્ટ્રી શાળાઓ ૧૩૯ અને સેકન્ડરી શાળાઓ ૨૦, સીનીયર સેકન્ડરી શાળાઓ ૧૪ આમ કુલ ૧૭૪ શાળાઓનો સમાવેશ કરેલ હતો.

વર્ષ ૨૦૨૫-૨૬ ના PM SHRI બજેટમાં ૪૪૮ શાળાઓ માટે બજેટ મંજૂર થયેલ. જેમાં પ્રાયમરી શાળાઓ ૦૪, એલીમેન્ટ્રી શાળાઓ ૩૭૨ અને સેકન્ડરી શાળાઓ ૨૫, સીનીયર સેકન્ડરી શાળાઓ ૪૭ આમ કુલ ૪૪૮ શાળાઓનો સમાવેશ કરેલ હતો.

PMSHRI શાળાઓમાં બાળકોના નામાંકન આધારે નીચે આપેલ ધોરણો મુજબ વાર્ષિક સ્કુલ ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે.

| પીએમશ્રી શાળાઓના વિદ્યાર્થીઓનુ નામાંકનની વિગત | યુનિટ કોસ્ટ (રૂ.) |
|---|---|
| ૧૦૦ સુધીના નામાંકન ધરાવતી શાળાઓ | ૫૦,૦૦૦/- |
| ૧૦૧ થી ૨૫૦ સુધીની નામાંકન ધરાવતી શાળાઓ | ૭૫,૦૦૦/- |
| ૨૫૧ થી ૧૦૦૦ થી વધુ નામાંકન ધરાવતી શાળાઓ | ૧,૦૦,૦૦૦/- |
| ૧૦૦૦થી વધુ નામાંકન ધરાવતી શાળાઓ | ૧,૫૦,૦૦૦/- |



Scanned with OKEN Scanner

વાર્ષિક સ્કુલ ગ્રાન્ટનો ઉપયોગ :

આ ગ્રાન્ટનો ઉપયોગ અને વપરાશ માટે શાળાકક્ષાએ નીચે મુજબની પ્રવૃત્તિઓ માટે કરવાનો રહેશે.

- આ ગ્રાન્ટ શાળામાં વર્ગ શિક્ષણ વધારવા માટે શાળાના શિક્ષકો દ્વારા બિન કાર્યાત્મક/બિન ઉપયોગી શાળા સાધનોની વાર્ષિક જાળવણી અને બદલી માટે કરવો.
- અન્ય વારંવાર થતા ખર્ચ જેમાં પ્રયોગશાળા, વીજળી ખર્ચ, ઇન્ટરનેટ, પાણી, શિક્ષણ સહાય, નાટક સામગ્રી, રમતો, રમતના સાધનો જેવા અન્ય રિકરીંગ ખર્ચ કરવો.
- તમામ શાળાઓએ રમતના મેદાન, શાળાની બાઉન્ડ્રીની દિવાલો, વીજળીકરણ, શૌચાલયની જાળવણી, સોલાર પેનલ, રેમ્પ, હેન્ડ્રેલ્સ વગેરે જેવી સુવિધાઓની વાર્ષિક જાળવણી અને મરામત માટે પણ આ ગ્રાન્ટનો ઉપયોગ કરવો.
- શાળા કક્ષાએથી સમુદાયના યોગદાન ઘટકોનો સમાવેશ કરેલ હોઇ, શાળા દ્વારા સમુદાયનું યોગદાન/સહયોગ લેવો. સમગ્ર શિક્ષા અભિયાન હેઠળના માળખાકીય વિકાસ અને જાળવણી માટે ફ્રેમવર્ક/ગાઇડ લાઇનમાં ધોરણો નક્કી કરવામાં આવેલ છે જેનો ઉપયોગ કરવો.
- સ્વચ્છ ભારત અભિયાનને પ્રોત્સાહિત કરવા માટે આ ગ્રાન્ટનો ઉપયોગ કરી શકાશે. જે માટે દરેક શાળા સ્વચ્છ એકશન પ્લાનથી નક્કી કરેલ પ્રવૃત્તિઓ જેમાં સ્કુલની સુવિધા, શૌચાલયો, સ્વચ્છ પીવાના પાણીમાં સુધારો, સેનિટેશન અને સ્વચ્છતા, ઇન્ફ્રાસ્ટ્રકચર, સાબુ, ઓપરેશન અને મેન્ટેનન્સ, બિહેવીયર ચેન્જ પ્રવૃત્તિઓ માટે, શ્રમના નિર્માણ વગેરેનો સમાવેશ કરવાનો રહેશે.
- વાર્ષિક કાર્યનું આયોજન, જાગૃતિ શિબિરો/કાર્યક્રમો/રાષ્ટ્રીય કાર્યક્રમો/પ્રવૃત્તિઓની ઉજવણી વગેરે
- અભ્યાસેત્તર પ્રવૃત્તિઓ જેમ કે સમર કેમ્પ, ચિત્રકામ/નૃત્ય/ડિબેટ(ચર્ચા)સ્પર્ધાઓ બેગલેસ ડેઝ વગેરે.

શાળાને ફાળવેલ ગ્રાન્ટ વપરાશ અંગે નીચે મુજબની સૂચના/માર્ગદર્શન આપવું તથા તે મુજબ તેનો અમલ થાય તે જોવાનું રહેશે.

- જે શાળામાં એસએમસી/એસએમડીસીમાં ગ્રાન્ટ જમા થયેથી તેની ખરાઇ કરીને ગ્રાન્ટ વપરાશ માટે પ્રવર્તમાન પધ્ધતિને અનુસરીને એસએમસીના સભ્યોની મિટીંગ બોલાવવી.
- એસએમસી/એસએમડીસી મિટીંગમાં ગ્રાન્ટના ઉપયોગ અંગેની માર્ગદર્શિકા/ગાઇડ લાઇનમાં દર્શાવેલ મુદ્દાઓ પૈકી શાળાની જરુરીયાતને ધ્યાનમાં લઇ અગ્રતાક્રમ નક્કી કરીને, તે અંગે ચર્ચા-વિચારણાને અંતે જરુરીયાત મુજબ બાબતો નક્કી કરવી.
- વાર્ષિક સ્કુલ ગ્રાન્ટના હિસાબોની નિભામણી તથા વપરાશ માટે થયેલ ખર્ચ તથા તે અંગેના વાઉચર, રોજમેળ, ચેક/રોકડ ચુકવણાનું રજીસ્ટર, ડેડ સ્ટોક અને ગ્રાન્ટ રજીસ્ટર વગેરે નિભાવવાના થતાં રેકર્ડ/પત્રકો નાણાંકીય રેકર્ડ નિભાવવા અંગેના પ્રવર્તમાન નિયમો મુજબ શાળા કક્ષાએ નિભાવવા જિલ્લા મારફતે શાળાઓને સુચના આપવી.



Scanned with OKEN Scanner

જા.નં.ક–૩/૫૨ચ/૨૦૨૫–૨૬/૧૨૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે, કારેલીબાગ,
વડોદરા તા.૨૩/૦૬/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી તથા બિન સરકારી ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્ય.અને ઉ.મા.શાળાઓ, (તમામ)
જિ.વડોદરા

૨/– જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

**નકલ રવાના :**

- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) (જાણ તથા અમલવારી સારું.)

Scanned with OKEN Scanner